**DATE: 22/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### એસઓજીની ટીમનો દરોડો, ઝઘડિયા પોલીસમાં ફરિયાદ

# મોટા અણાધરા ગામે વાડામાંથી 10 કિલો ગાંજાના છોડ સાથે એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ઝઘડિયા તાલુકામાં આવેલાં મોટા અણધરા ગામે રહેતાં મહેન્દ્ર રામુ વસાવાએ તેના ઘરના વાડામાં ગાંજાના છોડનું વાવેતર કર્યું છે.જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડ્યો હતો. ટીમે તેના ઘરના વાડામાં તપાસ કરતાં માલુમ પડ્યું હતું કે, તેણે કપાસ અને તુવેરના વાવેતરની વચ્ચે



ગાંજનો પણ છોડ વાવ્યો છે. જેના પગલે ટીમે ગાંજાનો છોડ મુળિયા સાથે કાઢી તેનું વજન કરતાં તેનું કુલ વજન 10.180 ગ્રામ જેટલું થયું હતું. જેથી એસઓજીની ટીમે ગાંજાની કિંમત 1 કિલોના 10 હજાર રૂપિયા લેખે 1.01 લાખ ગણી મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ આરોપી મહેન્દ્ર વસાવા વિરૂદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ઝઘડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઝડપાયેલાં આરોપી મહેન્દ્ર વસાવાએ ગાંજાનો છોડ ક્યાંથી લાવ્યો, અગાઉ પણ આ રીતે વાવેતર કર્યું હતું કે, કેમ તેમજ ગાંજાનો જથ્થો કોને વેચવાનો હતો તે સહિતની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 22/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 08**

# નેત્રંગ ખાતે રેપિડ એક્શન ફોર્સ અને પોલીસની સંયુક્ત ફ્લેગમાર્ચ યોજાઈ



નેત્રંગ : રેપિડ એક્શન ફોર્સ દ્વારા તેમના કમાન્ડન્ટ સાથે ૨૫ મહિલા અને ૩૫ પુરૂષ જવાનો અને નેત્રંગ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દ્વારા નેત્રંગ ટાઉન વિસ્તારમાં ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી ૨૦૨૪ લોકસભાની ચૂંટણી તેમજ ટાઉનના સંવેદનશીલ વિસ્તારમા કરવામા આવી હતી. આગામી દિવસોમાં લોકોનો પોલીસ પ્રત્યે વિશ્વાસ જળવાયેલો રહે અને કાયદો વ્યવસ્થાની સુચારુ રૂપે અમલવારી થાય તે માટે ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવેલ હતું. પોલિસ સબ ઈન્સ્પેકટર ડી.વી.ગામીત તેમજ રેપિડ એક્શન ફોર્સના કમાન્ડન્ટ નેતૃત્વમાં નીકળેલ રેપિડએક્શન ફોર્સ ના જવાનો તથા પોલીસ સ્ટાફ ની ફ્લેગ માર્ચ સંવેદનશીલ વિસ્તારો મા ફરી હતી. તેમજ રેપિડ એક્શન ફોર્સની ટીમ નગરની ભૌગોલિક સ્થિતિથી વાકેફ થયા હતા.

**DATE: 22/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 08**

# ઉમલ્લા રેપિડ એક્શન ફોર્સ દ્વારા ફ્લેગ યોજાતા લોકોમાં કુતૂહલ સર્જાયું



અછાલિયા : ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ખાતે  રેપિડ એક્શન ફોર્સની ૧૦૦મી બટાલિયન દ્વારા તેમના કમાન્ડન્ટ અને મહિલા પુરૂષ જવાનો અને ઉમલ્લા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દ્વારા ઉમલ્લા નગર વિસ્તારમાં ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફ્લેગ માર્ચ અંબાજી મંદિર થી ઉમલ્લા ચાર રસ્તા ના વિસ્તાર મા કરવામા આવી હતી. આગામી દિવસોમાં લોકો નો પોલીસ પ્રત્યે વિશ્વાસ જળવાયેલો રહે અને કાયદો વ્યવસ્થાની સુચારુ રૂપે અમલવારી થાય તે માટે ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવેલ હતું. ઉમલ્લા પોલીસ ઈન્સ્પેક્ટર એ.એન.ચોધરી રેપિડ એક્શન ફોર્સના કમાન્ડન્ટ તેમજ સહાયક કમાન્ડન્ટનેતૃત્વમાં નીકળેલ રેપિડ એક્શન ફોર્સના જવાનો તથા પોલીસ સ્ટાફ ની ફ્લેગ માર્ચ મેન બજાર વિસ્તારો મા ફરી હતી. તેમજ રેપિડ એક્શન ફોર્સની ટીમે નગરની ભૌગોલિક સ્થિતિથી વાકેફ થયા હતા.

**DATE: 22/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 02**

### કુલ 19,660 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

# જુગારી ઝડપાયા, અંકલેશ્વર ડબી ફળીયામાં જુગાર રમતા 4 ઝબ્બે

**ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર**

અંકલેશ્વર ડબી ફળીયામાં જાહેર માં જુગાર રમતા 4 ઈસમ ને શહેર એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા.પોલીસે રોકડ રક્મ અને મોબાઈલ મળી 19.660 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શહેર પોલીસ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે ડબી ફળીયા માં દરોડા પાડ્યા હતા જ્યાં જાહેર માં જુગાર રમતા ધર્મેશ મકવાણા, કલ્પેશ વસાવા, મેહુલ રાણા, રાજેશ વસાવા ને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે દાવ પર લાગેલા 10.660 તેમજ 3 મોબાઈલ કિંમત રૂપિયા 9 હજાર મળી કુલ 19.660 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 22/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 02**

### પોલીસને જોઇ ભાગી ગયેલાં બૂટલેગરોને વોન્ટેડ જાહેર કરાયાં

# અંકલેશ્વરના નવા દીવા ગામમાંથી દારૂ- બિયરની 1,700 બોટલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નવા વર્ષના વધામણા લેવા માટે સજજ યુવાવર્ગને શરાબ પુરો પાડવા માટે બુટલેગરો સજજ બન્યાં છે અને પોલીસની ઘોંચ વધે તે માટે દારૂનો સંગ્રહ કરી રહયાં છે. તેવામાં પોલીસે અંક્લેશ્વરના નવા દીવા ગામેથી બુટલેગરના ઘરમાંથી 1.81 લાખ રૂપિયા દારૂ ઝડપી પાડ્યો હતો.આગામી 31 ડિસેમ્બર અનુલક્ષીને શહેર માં દારૂ-જુગાર ની બદી રોક્વા પેટ્રોલીંગમાં હતી નવા દીવાગામ ખાતે શામજી ફળીયામાં વિજય વસાવાએ દારૂ મંગાવી મકાન માં સંતાડ્યો છે. ગામમાં દરોડા પાડતા તેના મકાનમાંથી દારૂ અને બિયરની 1,705 બોટલનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 1.81 લાખ ઉપરાંત નોદારૂ નો જથ્થો જપ્ત કરી ફરાર થયેલ વિજય વસાવા અને રાજેશ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી બનેને વોન્ટેડ જાહેર ર્ક્યા હતા.